# હાઈકોર્ટના આકરા વલણથી વડોદરાના કલેક્ટર ધામેલિયાની મુશ્કેલી વધી; હવે બદલીના ભણકારા !

**ન્યાયાધીશ** અંગેની ટિપ્પણીવાળી એફિડેવિટ પર હાઈકોર્ટ લાલઘૂમ; બિનશરતી માફી ફગાવી

**GAD** પાસે કાયદેસર અને શિસ્તભંગનાં પગલાં અંગે ખુલાસો માંગ્યો

**૨૭** નવેમ્બરે ફરી સુનાવણી

અમદાવાદઃ ગુજરાત હાઈકોર્ટમાં વડોદરાના કલેક્ટર અનિલ ધામેલિયાની મુશ્કેલીઓ વધી છે. જમીનને બિનખેતી (એન.એ.) કરવાની મંજૂરી અને ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલના આદેશોને લગતા કેસમાં ન્યાયિક અધિકારીની કામગીરી અંગે સોગંદનામામાં કરવામાં આવેલી ટિપ્પણીથી હાઈકોર્ટ ભારે નારાજ થઈ છે. કલેક્ટરે બિનશરતી માફી માગીને વિવાદાસ્પદ એફિડેવિટ પાછી ખેંચવાની તૈયારી દર્શાવી હોવા છતાં કોર્ટે માફી સ્વીકારવાનો ઈનકાર કર્યો છે. એટલું જ નહીં, રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના ઈન્ચાર્જ અધિક મુખ્ય સચિવ ટી. નટરાજનને ઓનલાઈન કાર્યવાહી સાથે જોડીને કલેક્ટર સામે કાયદેસર અને શિસ્તભંગનાં કયાં પગલાં લઈ શકાય તે અંગે સ્પષ્ટતા માગવામાં આવી છે. હાઈકોર્ટના આ આકરા વલણ બાદ હવે રાજ્ય સરકાર ધામેલિયા સામે શું પગલાં લે છે તેના પર નજર મંડાઈ છે. વહીવટી વર્તુળોમાં તેમની સંભવિત બદલીના ભણકારા પણ વાગવા લાગ્યા છે, જોકે હાલ તેમની બદલી અંગે કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી.

## ન્યાયિક અધિકારી અંગેની ટિપ્પણી ભારે પડી

આ સમગ્ર વિવાદ જમીનને બિનખેતી ઉપયોગ માટેની મંજૂરી અને ગુજરાત મહેસૂલ ટ્રિબ્યુનલના આદેશો સાથે સંકળાયેલા કેસમાંથી ઊભો થયો છે. સંબંધિત ઓનલાઇન પોર્ટલ પર વિગતો ઉપલબ્ધ ન હોવા અંગે રજૂઆત કરવા માટે કલેક્ટર અનિલ ધામેલિયાએ હાઈકોર્ટમાં એફિડેવિટ રજૂ કરી હતી. જોકે, સોગંદનામામાં ન્યાયિક અધિકારી કેસને યોગ્ય દૃષ્ટિકોણથી જોઈ રહ્યા ન હોવા અંગે કરવામાં આવેલી ટિપ્પણી કોર્ટે ગંભીરતાથી લીધી હતી. હાઈકોર્ટની ટકોરનો મુખ્ય સૂર એ હતો કે સંબંધિત પોર્ટલ પર આદેશની એન્ટ્રી દેખાતી ન હોવાની હકીકત રજૂ કરવા પૂરતું હતું. તેના બદલે ન્યાયિક અધિકારીના અભિગમ અંગે ટિપ્પણી કરવાની જરૂર શા માટે પડી, તેવો સવાલ કોર્ટે ઉઠાવ્યો હતો. વહીવટી અધિકારીઓએ ન્યાયિક પ્રક્રિયા અને પોતાની સત્તાની મર્યાદા વચ્ચેનો ભેદ જાળવવો જોઈએ, તેવો સ્પષ્ટ સંદેશ આ કાર્યવાહીમાંથી સામે આવ્યો છે.

## માફી માંગી, છતાં હાઈકોર્ટે રાહત ન આપી

હાઈકોર્ટના આકરા વલણ બાદ કલેક્ટર ધામેલિયાએ બિનશરતી માફી માગી હતી અને વિવાદાસ્પદ એફિડેવિટ પાછી ખેંચવાની તૈયારી પણ દર્શાવી હતી. આમ છતાં હાઈકોર્ટે માફી સ્વીકારવાને બદલે અધિકારીના વર્તન અંગે જવાબદારી નક્કી કરવાની દિશામાં કાર્યવાહી આગળ ધપાવી છે. જસ્ટીસ નિલય મહેતાએ સામાન્ય વહીવટ વિભાગના ઇન્ચાર્જ અધિક મુખ્ય સચિવ ટી. નટરાજનને ઓનલાઇન સુનાવણીમાં જોડીને કલેક્ટર સામે કાયદા હેઠળ કઈ કાર્યવાહી થઈ શકે અને શિસ્તભંગ બદલ કયા પગલાં લઈ શકાય તે અંગે સરકારનું વલણ સ્પષ્ટ કરવા જણાવ્યું છે. આથી હવે મામલો માત્ર એફિડેવિટ પાછી ખેંચવા કે માફી માગવા પૂરતો રહ્યો નથી; રાજ્ય સરકાર અધિકારી સામે શું પગલું ભરે છે તે પણ આગામી સુનાવણીનો મહત્ત્વનો મુદ્દો બનશે.

## અગાઉના વિવાદોની પૃષ્ઠભૂમિ પણ મહત્ત્વની

ધામેલિયા અગાઉ પણ જમીનના બિનખેતી મંજૂરીના કેસોમાં હાઈકોર્ટની ટકોરનો સામનો કરી ચૂક્યા હોવાના અહેવાલો છે. અગાઉના કેસોમાં હાઈકોર્ટના આદેશોના અમલ અને વહીવટી નિર્ણયોને લઈને ઊભા થયેલા વિવાદોની પૃષ્ઠભૂમિમાં તાજેતરની એફિડેવિટનો મામલો વધુ ગંભીર બન્યો છે. આ વખતે ન્યાયિક અધિકારી અંગેની ટિપ્પણી, માફીનો અસ્વીકાર અને વરિષ્ઠ સચિવ પાસે કાર્યવાહી અંગે સ્પષ્ટતા માગવામાં આવતાં સરકારની ભૂમિકા નિર્ણાયક બની છે.

## બદલીના ભણકારા

વહીવટી વર્તુળોમાં ધામેલિયાની બદલી અથવા તેમની સામે પ્રાથમિક તપાસ શરૂ થવાની સંભાવનાઓ અંગે ચર્ચા છે. સરકાર હાઈકોર્ટ સમક્ષ કાર્યવાહીનો અહેવાલ રજૂ કરવા માગતી હોય તો વહીવટી પગલાંના વિકલ્પો પર વિચાર થઈ શકે છે. જોકે, હાલ બદલી નક્કી થઈ ગઈ હોવાનો કોઈ સત્તાવાર આધાર નથી. તેથી ધામેલિયાની બદલીના ભણકારા વચ્ચે હવે સરકાર કઈ દિશામાં આગળ વધે છે તે જોવાનું રહેશે.

# હૈદરાબાદના યુવાને સ્ત્રીના સ્વાંગમાં સેક્સ ચેટ કરીને ૧,૦૦૦ પુરુષોને ફસાવ્યા

કેટલાક વાસનાભૂખ્યા પુરુષો સોશ્યલ મીડિયામાં સુંવાળો સહવાસ શોધતા હોય છે, જેના માટે કેટલાક ફેસબુકના તથા ઇન્સ્ટાગ્રામનાં પેજ કુખ્યાત છે. સોશ્યલ મીડિયાના માધ્યમથી તેઓ મહિલાઓ સાથે સંપર્કો બાંધે છે અને પોતાના દેહની ભૂખ શાંત કરે છે પણ તેમાં ભારોભાર જોખમ છે. કેટલાક ધૂર્ત પુરુષો મહિલાનો સ્વાંગ સજીને સોશ્યલ મીડિયામાં પોતાનું ખાતું ખોલાવે છે અને લંપટ પુરુષોને પોતાની મોહજાળમાં ફસાવીને તેમને બ્લેકમેઇલ કરે છે અને પૈસા પડાવે છે. તાજેતરમાં હૈદરાબાદના ૨૩ વર્ષના યુવાન પવનકુમારનો કિસ્સો બહાર આવ્યો છે, જેણે ડોક્ટરો, પોલીસકર્મીઓ, ઉદ્યોગપતિઓ, સરકારી અધિકારીઓ, સોફ્ટવેર એન્જિનિયરો અને લેક્ચરર્સ સહિત વિવિધ વ્યવસાયોના લગભગ ૧,૦૦૦ લોકોને હનીટ્રેપમાં ફસાવ્યા હતા. પવનકુમારની મોડસ ઓપરેન્ડી મુજબ પહેલાં છોકરીઓના ફોટાવાળા સોશ્યલ મીડિયા એકાઉન્ટ્સમાંથી ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલવામાં આવતી. પછી વાતચીત શરૂ થતી અને અંતે તે સેક્સ ચેટ સુધી પહોંચી જતી. ચેટમાં ભાગ લેનારાંઓને નગ્ન ફોટા અને વીડિયો સબમિટ કરવાનું કહેવામાં આવતું. પછી વાર્તામાં એક નવું પાત્ર ઊભરી આવતું. જે વ્યક્તિ અત્યાર સુધી છોકરી બનીને ચેટ કરતો હતો તે પોતાને એ જ છોકરીના ભાઈ તરીકે ઓળખાવતો અને પૈસા માંગવાનું શરૂ કરતો. પોતાની ચોરી પકડાઇ જવાના ડરથી શિકાર બનેલા પુરુષો પાસેથી લાખો રૂપિયા પડાવવામાં આવ્યા હતા.



પવનકુમાર તેલંગાણાના ભદ્રાદ્રી કોઠાગુડેમ જિલ્લાના ટેકુલપલ્લી મંડળના રહેવાસી છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે પવને હૈદરાબાદના બાલાનગરમાં સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટૂલ ડિઝાઇન (CITD) માં બીજા વર્ષમાં ડિપ્લોમાનો અભ્યાસ છોડી દીધો હતો. આ પછી તેણે તેના પરિવારને કહ્યું કે તે મલ્લા રેડ્ડી કોલેજમાં બી.ટેકનો અભ્યાસ કરી રહ્યો છે. તે હૈદરાબાદમાં રહેતો હતો અને નાની-મોટી નોકરી કરતો હતો અને હાલમાં બેરોજગાર હતો. પવન છોકરીઓના ફોટાનો ઉપયોગ કરીને ઇન્સ્ટાગ્રામ અને ફેસબુક પર નકલી એકાઉન્ટ બનાવતો હતો. આ એકાઉન્ટ લોકોને ફ્રેન્ડ અથવા ફોલો રિક્વેસ્ટ મોકલતા હતા. એક વાર રિક્વેસ્ટ સ્વીકારાઇ જાય પછી તે પુરુષ તેમની સાથે ચેટ કરવાનું શરૂ કરતો અને પોતાને છોકરી તરીકે દેખાડતો. તે ધીમે ધીમે વાતચીતને સેક્સ ચેટ તરફ દોરી જતો અને વપરાશકર્તાઓ પુરુષો પાસેથી નગ્ન ચિત્રો અને વીડિયો લીધા હતા અને તેમને પોતાના લેપટોપમાં સેવ કરતો હતો. શંકા ટાળવા માટે પવન કેટલીક મોડેલોના અર્ધ-નગ્ન ફોટા પણ મોકલતો હતો. હૈદરાબાદની પોલીસે પવનકુમાર પાસેથી ત્રણ મોબાઈલ ફોન, એક લેપટોપ અને ૧૬ જીબીની પેન ડ્રાઈવ જપ્ત કરી છે. ડીસીપી કિરણ ખરેએ જણાવ્યું હતું કે છેલ્લાં ચાર વર્ષથી તે કોલકાતાની એક મોડેલ સહિત અનેક છોકરીઓના ફોટાનો ઉપયોગ કરીને લોકોને હનીટ્રેપમાં ફસાવી રહ્યો હતો અને તેમની પાસેથી પૈસા પડાવી રહ્યો હતો. તેના દ્વારા છેતરાયેલાં લોકોમાં ભારતનાં વિવિધ રાજ્યો તેમજ અન્ય દેશોમાં રહેતાં લોકોનો પણ સમાવેશ થાય છે.

પોલીસના જણાવ્યા અનુસાર, નગ્ન વીડિયો અને ફોટોગ્રાફ્સ મેળવ્યા પછી પવને લોકો પાસેથી પૈસા પડાવવાનું શરૂ કર્યું. પવન પછીથી આગળ આવતો અને પોતાને એ જ છોકરીના ભાઈ તરીકે ઓળખાવતો, જેની સાથે તે અત્યાર સુધી વાત કરતો હતો. આ પછી વોટ્સ એપ અને સોશ્યલ મીડિયા દ્વારા નગ્ન ચિત્રો અને વીડિયો મોકલનારાં લોકોનો સંપર્ક કરતો હતો. તે તેમને ધમકી આપતો કે તેની બહેને આત્મહત્યા કરી લીધી છે અથવા તે પોલીસમાં ફરિયાદ કરશે. આ રીતે તે તેમની પાસેથી પૈસા પડાવતો. પવને આ કામ માટે મોટે ભાગે કોલકાતાની એક મોડેલના ફોટોગ્રાફ્સનો ઉપયોગ કર્યો હતો. પોલીસે મોડેલનો સંપર્ક કર્યો છે અને તેને આ અંગે જાણ કરી છે.

ટુ ધ પોઈન્ટ ▪ સંજય વોરા ▪

પોલીસનું કહેવું છે કે પવનકુમારે પોલીસકર્મીઓ, લેક્ચરર્સ, સરકારી કર્મચારીઓ, અધિકારીઓ, સોફ્ટવેર એન્જિનિયરો અને ડોક્ટરો સહિત વિવિધ વ્યવસાયોના લગભગ ૧,૦૦૦ લોકોને સેક્સ ચેટ કરીને ફસાવ્યા હતા. આ લોકોની ઉંમર ૨૨ થી ૭૦ વર્ષની વચ્ચે છે. અમને ૮૨ લોકોનાં નગ્ન ચિત્રો અને વીડિયો મળ્યાં છે. પવનકુમારનો શિકાર બનેલા પીડિતોમાં તેલંગાણા, આંધ્રપ્રદેશ, કેરળ, તમિલનાડુ અને પંજાબ તેમજ સાઉદી અરેબિયા, તુર્કી, પાકિસ્તાન અને કેનેડાનાં લોકોનો સમાવેશ થાય છે. પોલીસનું કહેવું છે કે પવને અત્યાર સુધીમાં આ લોકો સાથે ૨૫ લાખ ૧૬ હજાર રૂપિયાની છેતરપિંડી કરી છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યું કે પવને ઇન્સ્ટાગ્રામ પર ૧૩ નકલી આઈડી અને ફેસબુક પર ૧૪ નકલી પેજ બનાવ્યા હતા. ફેસબુકનાં નામો ૧. ચંદના એન્જલ, ૨. કે. ચંદના શ્રી, ૩. ચંદના શ્રી, ૪. હની કાના પોટ્ટી, ૫. આયેશા પોટ્ટી, ૬. ચંદના પ્રિન્સ. એસ., ૭. શ્રી કે ચંદના, ૮. એ. કીર્તિ, ૯. ચંદના કે, ૧૦. ધારાવથ સ્વાતિ, ૧૧. વિજય કુમાર, ૧૨. કે. પવન શિવ, ૧૩. ભુક્યા અનિલ અને ૧૪. દિવ્યા શ્રી હતાં. આવી જ રીતે ઇન્સ્ટાગ્રામ પર પણ ૧૩ નકલી આઇડી બનાવવામાં આવ્યા હતા. હૈદરાબાદ પોલીસનું કહેવું છે કે આ આઇડી પૈકી કોઇ પણ આઇડી દ્વારા કોઇ પુરુષનો સંપર્ક કરવામાં આવ્યો હોય અને તેમને ફસાવીને તેમની પાસેથી પૈસા પડાવવામાં આવ્યા હોય તો તેમણે પોલીસનો સંપર્ક કરવો જોઈએ. પોલીસની ગણતરી મુજબ આ રીતે આશરે ૧,૦૦૦ પુરુષોને ફસાવવામાં આવ્યા છે.

પોલીસના જણાવ્યા અનુસાર, પવનકુમારે તેના એક મિત્ર સાથે પણ છેતરપિંડી કરી હતી અને તેની પાસેથી ચાર લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ પછી સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો. છેતરપિંડીનો ભોગ બનેલા તેના મિત્ર રમેશે (નામ બદલ્યું છે) પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. રમેશે જણાવ્યું કે તે પવનકુમારને સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટૂલ ડિઝાઇનમાં ડિપ્લોમાના અભ્યાસ દરમિયાન મળ્યો હતો. સપ્ટેમ્બર ૨૦૨૧ માં મને ઇન્સ્ટાગ્રામ પર મૂન બેબી ૫૯૭૩ નામના આઈડી પરથી ફ્રેન્ડ રિક્વેસ્ટ મળી હતી. મને આ એકાઉન્ટ પર શંકા ગઈ. તેને જોયા પછી મને લાગ્યું કે તે પવનકુમાર દ્વારા બનાવવામાં આવ્યું છે. મેં તરત જ તેની પૂછપરછ કરી અને તેણે કબૂલ્યું કે તેણે નકલી એકાઉન્ટ બનાવ્યું હતું. આ પછી મેં તેની સાથેની મારી મિત્રતાનો અંત લાવવાનો નિર્ણય લીધો હતો. તે પછીથી બીજી હોસ્ટેલમાં રહેવા ગયો. આમ છતાં, પવન ત્યાં આવ્યો અને મને તેની સાથે રહેવા કહ્યું હતું. આ સમય દરમિયાન અમારા બંને વચ્ચે શારીરિક સંબંધો બંધાયા હતા. રમેશે આરોપ લગાવ્યો છે કે પવને તેને સેક્સ માટે દબાણ કર્યું હતું અને બ્લેકમેલ પણ કર્યો હતો. રમેશે પોતાની ફરિયાદમાં આરોપ લગાવ્યો છે કે પવને તેને વીડિયો બનાવવાનો દાવો કરીને ધમકી આપી હતી. તેણે તેના પર સેક્સ કરવા દબાણ કર્યું હતું અને તેની પાસેથી ઓનલાઈન ૧.૫ લાખ રૂપિયા અને સીધા ૨.૫ લાખ રૂપિયા પણ લીધા હતા. હૈદરાબાદ પોલીસે ૧૭ ઓક્ટોબરે કેસ નોંધીને તપાસ શરૂ કરી હતી. આ તપાસ દરમિયાન હની ટ્રેપનો મામલો પ્રકાશમાં આવ્યો હતો.

હની ટ્રેપિંગમાં કોઇ ટાર્ગેટ પાસેથી ગુપ્ત માહિતી મેળવવા માટે રોમેન્ટિક અથવા જાતીય સંબંધ સ્થાપિત કરવાની પ્રથાનો સમાવેશ થાય છે. આ માહિતીના ઉપયોગ પછી મોટી રકમ મેળવવા અથવા જાસૂસી સહિત રાજકીય હેતુઓ માટે કરવામાં આવે છે. છેલ્લા બે દાયકામાં ભારત સહિત ઘણા દેશોમાં હની ટ્રેપના ઘણા કેસ નોંધાયા છે, જ્યાં ગેરકાયદેસર ખંડણી માગવામાં આવી છે અથવા બ્લેકમેલ પણ કરવામાં આવ્યા છે. છેલ્લા દાયકાઓમાં પાકિસ્તાનના ઇસ્લામાબાદમાં પોસ્ટ કરાયેલા ભારતીય વિદેશ સેવાના પ્રેસ માહિતી સચિવ માધુરી ગુપ્તાનો કેસ ઘણો મોટો બન્યો હતો, જ્યારે ૨૦૧૦ માં દિલ્હી પોલીસના સ્પેશ્યલ સેલે પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા ISI ને સંવેદનશીલ માહિતી પૂરી પાડવાના આરોપસર તેમની ધરપકડ કરી હતી. નીચલી કોર્ટે તેમને ત્રણ વર્ષની જેલની સજા ફટકારી હતી પરંતુ તેમને જામીન પર મુક્ત કર્યા હતા. હૈદરાબાદના ચાર મિનાર વિસ્તારના ડીસીપી કિરણ ખરેએ કહ્યું કે જો તમને સોશ્યલ મીડિયા પરના કોઇ પણ એકાઉન્ટમાંથી ફ્રેન્ડ રિક્વેસ્ટ મળે છે, તો તમારે તે એકાઉન્ટ તપાસવું જોઈએ. ખાસ કરીને, જો તમને કોઇ અજાણ્યા એકાઉન્ટમાંથી મેસેજ મળે તો તમારે સાવધ રહેવું જોઈએ. આવાં લોકો પહેલાં મૈત્રીપૂર્ણ રીતે વાત કરે છે. પછી તેઓ નગ્ન ફોટા અને વીડિયો મેળવીને લોકોને છેતરવાનું શરૂ કરે છે. પીડિતોએ તાત્કાલિક પોલીસમાં ફરિયાદ કરવી જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**પવનકુમારે પોલીસકર્મીઓ, લેક્ચરર્સ, સરકારી કર્મચારીઓ, સોફ્ટવેર એન્જિનિયરો અને ડોક્ટરો સહિત વિવિધ વ્યવસાયોના ૧,૦૦૦ લોકોને સેક્સ ચેટ કરીને ફસાવ્યા હતા**

# ગુજરાતની શિક્ષણ વ્યવસ્થાથી સ્કોટલેન્ડના ફર્સ્ટ મિનિસ્ટર પ્રભાવિત

**શાળા** પ્રવેશોત્સવ અને વિદ્યા સમીક્ષા કેન્દ્રની કામગીરીની પ્રશંસા

ગાંધીનગરઃ ગુજરાતની ટેક્નોલોજી આધારિત શિક્ષણ વ્યવસ્થા, શાળા પ્રવેશોત્સવ અને વિદ્યા સમીક્ષા કેન્દ્રની કામગીરીએ સ્કોટલેન્ડના ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળનું ધ્યાન ખેંચ્યું છે. સ્કોટલેન્ડના ફર્સ્ટ મિનિસ્ટર જોન સ્વિનીના નેતૃત્વમાં આવેલા પ્રતિનિધિ મંડળે અમદાવાદમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ અને શિક્ષકો સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં બંને દેશોની શિક્ષણ વ્યવસ્થા, શૈક્ષણિક સુધારાઓ અને ભવિષ્યમાં પરસ્પર સહયોગની શક્યતાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે થયેલા પરિવર્તનો અને નવીન પહેલોની રજૂઆત કરવામાં આવી હતી. ખાસ કરીને વિદ્યા સમીક્ષા કેન્દ્ર (VSK) દ્વારા ટેક્નોલોજીના ઉપયોગથી શૈક્ષણિક કામગીરીનું વાસ્તવિક સમયનું નિરીક્ષણ, માહિતી આધારિત નિર્ણય પ્રક્રિયા અને શિક્ષણ વ્યવસ્થાની દેખરેખ માટે હાથ ધરાતી કામગીરીથી સ્કોટિશ પ્રતિનિધિ મંડળ પ્રભાવિત થયું હતું. શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે ટેક્નોલોજી અને માહિતીનો અસરકારક ઉપયોગ કેવી રીતે થઈ શકે તે અંગે પણ ચર્ચા થઈ હતી.

ગુજરાતમાં બે દાયકાથી વધુ સમયથી અમલમાં રહેલા શાળા પ્રવેશોત્સવ અને 'કન્ટીન્યુ ટુ સ્કૂલ' અભિયાનની કામગીરી પણ બેઠકમાં રજૂ કરવામાં આવી હતી. બાળકોને શાળામાં પ્રવેશ અપાવવા, શાળા છોડી દેવાના પ્રમાણમાં ઘટાડો કરવા અને તેમનો સર્વાંગી વિકાસ સુનિશ્ચિત કરવા માટેની આ પહેલોની સરાહના કરવામાં આવી હતી. શિક્ષણ ક્ષેત્રે બાળકોની નિયમિત હાજરી અને અભ્યાસમાં સાતત્ય જાળવવાના પ્રયાસો બંને પક્ષો વચ્ચેના સંવાદના મહત્ત્વના મુદ્દા રહ્યા હતા.

બ્રિટિશ કાઉન્સિલના સહયોગથી યોજાયેલા ગ્લાસગો-ગુજરાત ટીચર મોબિલિટી એક્સચેન્જ પ્રોગ્રામના અનુભવો પણ રજૂ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત બંને દેશોના શિક્ષકોને એકબીજાની શૈક્ષણિક પદ્ધતિઓ, શિક્ષણના અભિગમો અને સાંસ્કૃતિક પરંપરાઓને સમજવાની તક મળી હતી. શિક્ષકોના અનુભવોના આદાન-પ્રદાનથી શિક્ષણની પદ્ધતિઓમાં નવીનતા લાવવા અને વર્ગખંડમાં ગુણવત્તાસભર શિક્ષણને પ્રોત્સાહન આપવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

સ્કોટલેન્ડના ફર્સ્ટ મિનિસ્ટર જોન સ્વિનીએ સ્કોટલેન્ડની શાળા શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થાની વિગતો રજૂ કરી હતી. તેમણે વિદ્યાર્થીઓની સર્વાંગી ક્ષમતા વિકસાવવા અને દરેક વિદ્યાર્થીને શિક્ષણની સમાન તક મળે તે માટે સમાવેશી શિક્ષણના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. ગુજરાત અને સ્કોટલેન્ડ વચ્ચે શિક્ષકોની સતત વ્યાવસાયિક તાલીમ, શૈક્ષણિક સંશોધન અને શિક્ષણની ગુણવત્તા વધારવા માટે સંયુક્ત પ્રયાસોની વિશાળ સંભાવનાઓ હોવાનું બેઠકમાં વ્યક્ત કરવામાં આવ્યું હતું.

## BUSINESS મિત્ર

# શેરબજારમાં બે સપ્તાહના સુધારાને બ્રેક વાગી

**સાપ્તાહિક** ધોરણે સેન્સેક્સ 2 ટકા અને નિફ્ટી 2.35 ટકા ઘટયા

**આગામી** સપ્તાહમાં અથડાતું રહેશે

**નિફ્ટી** મિડકેપ ઇન્ડેક્સમાં છ ટકાનો કડાકો, ઓક્ટોબર 2024 પછીનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 24:** ભારતીય શેરબજારમાં વૈશ્વિક અનિશ્ચિતતાનો માહોલ અને ક્રુડ ઓઈલના ઉછળતા ભાવોના પગલે ભારે વેચવાલી જોવા મળી હતી. રોકાણકારોની ધીરજ ખુટી જતા બ્રોડર માર્કેટમાં ચોતરફી વેચવાલીનું દબાણ જોવાયું હતું, જેના પગલે નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ ઓક્ટોબર 2024 પછીનો સૌથી મોટો સાપ્તાહિક ઘટાડો થયો હતો.

આવનારા સમયમાં ભારતીય શેરબજારમાં સારા કોઈ સંકેત દેખાતા નથી. ભૌગોલિક રાજકીય તણાવ વધતો જાય છે અને અમેરિકા તથા ઈઝરાયલમાં મધ્યસત્ર ચુંટણીના લીધે શાંત છે, પણ ચુંટણી બાદ ફરીથી સક્રિય થશે અને ઈરાન પર હુમલા કરવાની શક્યતાઓ વધી જાય છે. જેના લીધે શેરબજારમાં સેન્ટિમેન્ટ નબળું દેખાઈ રહ્યું છે. એક બાજું ક્રુડ ઓઈલના ભાવ 114 ડોલરની પાર નીકળી ગયા છે, તેનાથી ભારત ઉપર આર્થિક બોજો વધતો જઈ રહ્યો છે, તેનાથી ચિંતિત સરકાર પાસે પેટ્રોલ-ડિઝલના ભાવ વધારા કરવા સિવાયનો કોઈ વિકલ્પ રહ્યો નથી.

આનાથી મોંઘવારી દરને કાબૂમાં લઈ શકાય તેવી કોઈ સંભાવના દેખાતી નથી, ત્યારે આવનારી રિઝર્વ બેન્કની મોનીટરીંગ બેઠકમાં વ્યાજ દરમાં વધારો થશે, તે હાલના તબક્કે નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે. આમ, હજુય શેરબજારનો સારો માહોલ નથી, તેથી દરેક ઉછાળે વેચવાલી ચાલુ રહેવાની પુરેપુરી સંભાવના છે. નિફ્ટી 22500 પોઈન્ટની સપાટી તોડશે તો વધુ ઘટીને 22000 તરફ આગેકૂચ કરી શકે તેમ છે. જ્યારે ઉપરમાં 22800થી 23000 વચ્ચે નફાવસુલીનું દબાણ જોવા મળી રહ્યું છે.

વિતેલા સપ્તાહમાં સેન્સેક્સ 2 ટકા અને નિફ્ટી 2.35 ટકા ઘટ્યો હતો, જે બે સપ્તાહના સુધારાને બ્રેક વાગી હતી. જોકે, આ સપ્તાહમાં સૌથી મોટો કડાકો મિડકેપ શેરોમાં જોવા મળ્યો હતો. નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 6 ટકા ઘટ્યો હતો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ ઈન્ડેક્સ 7 ટકાથી વધુનો ઘટાડો દર્શાવે છે, જે ફેબ્રુઆરી 2025 પછીનો સૌથી તીવ્ર સાપ્તાહિક ઘટાડો છે.

સેકટર વાઈઝ જોઈએ તો આઈટી શેરોમાં મજબૂતાઈ જોવા મળી હતી. આની પાછળનું મુખ્ય કારણ એઆઈના ખર્ચ અને વળતર સામે રોકાણકારોની ચિંતા જોવાઈ રહી છે, જેની પોઝિટિવ અસર આઈટી શેરોમાં જવા મળી હતી. આ સિવાયના તમામ સેકટરો નબળા રહ્યા હતા. મેટલ, રિયલ્ટી, એનર્જી સેકટરોમાં સૌથી વધુ નબળું પ્રદર્શન જોવાયું છે.

મિડકેપ અને સ્મોલકેપ શેરોના કડાકા-ભડાકા થઈ રહ્યા છે, નવા રોકાણથી રોકાણકારો દુર થઈ રહ્યા છે, તેને જોતાં આવનારા સમયમાં ગુણવત્તાયુક્ત અને ઉત્તમ લાર્જકેપ શેરોને ટુકડે ટુકડે ખરીદવું હિતાવહ છે, પણ તે લાંબાગાળા માટે હોવા જોઈએ.

# GST કાઉન્સિલની છેલ્લી મિટીંગની પોઝિટિવ અને આવકારદાયક ભલામણો

GSTની કાયદા અને નિયમોમાં સુધારાઓ કરવા માટે કાઉન્સિલની ભલામણો આવશ્યક છે. સંદર્ભમાં તા. 8-10-26ના રોજ ન્યુ દિલ્હી ખાતે યોજાયેલી GST કાઉન્સિલની 57મી મિટીંગમાં કરાયેલી ભલામણો ખૂબ પોઝિટિવ અને આવકારદાયક છે, જે તરફ એક નજર નાંખીએ તો...

**(1) રજીસ્ટ્રેશનની સરળ પ્રક્રિયા**

GST રજીસ્ટ્રેશન માટે જરૂરી દસ્તાવેજો અને માહિતી અંગે સ્પષ્ટ સરકયુલર બહાર પાડવામાં આવશે. રજીસ્ટ્રેશન માટે પોર્ટલ પર સરળ સુવિધાઓ અપાશે. રજીસ્ટ્રેશનની વિગતોમાં ફેરફારોની અધિકારીની દરમ્યાનગીરી વગર, ઓટોમેટીક પધ્ધતિથી મંજૂરી આપવા માટે ભલામણ કરવામાં આવી છે. ઈ-કોમર્સ પ્લેટફોર્મ મારફતે અન્ય રાજ્યોમાં માલ વેચતા નાના વેપારીઓ માટે સરળ રજીસ્ટ્રેશનની વ્યવસ્થા કરવાનું સૂચવાયું છે. તો રજીસ્ટ્રેશન રદ કરાવવાની પ્રક્રિયા પણ સરળ બનાવવાની ભલામણ છે.

**(2) વધુ ITC મળવાપાત્ર...**

નીચેના માલ અને સેવાઓને લગતી ITC જે હાલમાં કલમ 17(5) હેઠળ મળવાપાત્ર નથી તે સુધાર આપવા માટે ભલામણ કરવામાં આવી છે.

આઉટડોર કેટરીંગ, આરોગ્ય અન લાઈફ ઈન્યુરન્સ, સમય મર્યાદા પૂરી થતા કાયદા મુજબ નાશ કરવામાં આવેલી ચીજવસ્તુઓ, ફ્રી સેમ્પલ તરીકે વિતરણ થયેલ માલ, ટેલી કોમ્યુનીકેશન ટાવર, ફેકટરીની બહાર નાંખવામાં આવેલ પાઈપલાઈન તો ઝીરો રેટેડ પ્લાય અને ઈન્વર્ટેડ ડ્યુટી સ્ટ્રકચરના કેસોમાં ઈન્પૂટ સર્વિસીસ તેમજ કેપીટલ ગુડઝની ITCનું કેટલીક શરતોને આધિન રીફન્ડની ભલામણ કરવામાં આવી છે તો ઈલેકટ્રોનીક લેજર સંબંધિત રિફન્ડ માટે ઓટોમેટીક પ્રક્રિયા વિકસાવવા ભલામણ કરવામાં આવી છે. તો ઝીરો રેટેડ અને ઈન્વર્ટેડ ડ્યુટી સ્ટ્રકચરના રિફન્ડના દાવાના 90 ટકા રકમનું પ્રોવીઝનલ રિફન્ડ સીસ્ટમ દ્વારા અધિકારીની દરમ્યાનગીરી વગર ચૂકવવા પધ્ધતિ અપનાવવાનું સૂચન કરવામાં આવ્યું છે.

**કાયદાની કેડીએ...**
**ઈશ્વર રૂદલાલ**

**(3) નાની રકમના વિવાદો...**

કલમ 73, 74 અને 74A હેઠળના રૂ. 10 હજારથી ઓછી કર રકમના કિસ્સામાં લીટીગેશન ઘટાડવા, કારણદર્શક નોટિસ ન બજાવવા ભલામણ કરવામાં આવી છે. તો અગાઉની આવી નાની રકમ અંગેની નોટિસો અને અપીલોને પણ શરતોને આધિન આ રાહત આપવા ભલામણ કરવામાં આવી છે.

**(4) ભેટ ફીમાં અગત્યની રાહત**

અગાઉના નાંણાકિય વર્ષમાં રૂ.5 કરોડનું ટર્નઓવર ધરાવતા કરદાતાઓને નિર્ધારીત સમય મર્યાદામાં વિલંબીત રિટર્ન ભરવામાં આવે તો લેઈટ ફી માફ કરવાની અગત્યની ભલામણ કરવામાં આવી છે. તો આવા કરદાતાઓ જો સંપૂર્ણપણે બિન નોંધાયેલી વ્યકિતઓને સપ્લાય કરતા B2C ધંધો કતા કરદાતાઓ માટે વાર્ષિક રિટર્ન અને ત્રિમાસીક પત્રકોની યોજનાને મંજૂરી આપવામાં આવી છે.

**(5) દંડમાં રાહત...**

કલમ 125 હેઠળ મહત્તમ સામાન્ય દંડ રૂા.25 હાજરથી ઘટાડી રૂા.10 હજાર કરવાની ભલામણ છે. બિનછેતરપિંડીના કેસમાં ન્યુનતમ રૂ.10 હજાર દંડની જોગવાઈ રદ કરવા માટેની ભલામણ છે.

**(6) ધરપકડની સત્તા દૂર કરવાની જોગવાઇ...**

GST કાયદાની કલમ 69 દૂર કરીને ધરપકડ કરવાની અધિકારીને સત્તા પાછી ખેંચવાની ભલામણ કરવામાં આવી છે. એ સુવિદિત છે કે કાયદાની શરૂઆતથી આ કલમ હેઠળની સત્તાનો દુરઉપયોગ કરીને મોટો ભસ્ટ્રાચાર થતો હતો, જે બદી હવે ટળી જશે. આ સાથે જ ફોજદારી કાર્યવાહી માટી નાણાંકિય મર્યાદા રૂા.એક કરોડથી વધારી રૂા.5 કરોડ કરવાની ભલામણ કરવામાં આવી છે.

**(7) માલ હેરફેર....**

જે રાજ્યોમાંથી માલની હેરફર શરૂ થતી હોય અને જે રાજ્યમાં માલ પહોંચાડવાન હોય તે બે રાજ્યો સિવાય અન્ય કોઈ રાજ્યોમાં વાહનને રોકી શકાશે નહીં. તો વેપારીઓને એક મોટી રાહત આપતી ભલામણ કરવામાં આવેલ છે કે માર્ગસ્થ માલ કે વાહનને જપ્ત કરવાની કલમ 130ની જોગવાઈ લાગુ પાડવામાં નહીં આવે.

# દિવાળી પછી દેશમાં પેટ્રોલ-ડિઝલ રૂ. 10 સુધી મોંઘું થવાના એંધાણ

**બ્રેન્ટ** ક્રૂડ 6 મહિનાની ઊંચી સપાટીએ, તહેવારો બાદ લિટર દીઠ રૂ. 5થી 10નો ભાવવધારો ઝીંકાઈ શકે

નવી દિલ્હી, તા. 24: મીડલ ઈસ્ટના તણાવને લઈને જે રીતે ક્રુડ ઓઈલના ભાવમાં ઉછાળો આવી રહ્યો છે અને છ મહિનાની ઉંચી સપાટીએ પહોંચી ગયું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે સંભવિત હુમલાની આશંકા તેમજ ઈરાન સમર્થિત હુથી જુથ દ્વારા સાઉદી પર સતત વધતા હુમલાને કારણે આંતરરાષ્ટ્રીય ક્રુડ બજારોમાં ભાવમાં વધારો થયો છે. જેમાં બ્રેન્ટ ક્રુડ 114 ડોલર પ્રતિ બેરલ બોલાતો થઈ ગયો છે. જ્યારે ડબલ્યુટીઆઈ ક્રુડની કિંમત પણ 100 ડોલરને પાર કરી ગયો છે. આમ, છેલ્લા એક મહિનામાં બ્રેન્ટ ક્રુડના ભાવમાં 6.78 ટકાનો ઉછાળો નોંધાયો છે. ક્રુડ ઓઈલના વધી રહેલા ભાવથી સૌથી વધુ અસર ભારત પર પડી રહી છે. ભારતમાં આયાતી બિલમાં જોરદાર ઉછાળો આવી રહ્યો છે, આ દબાણની સામે ઓઈલ કંપનીઓને ભાવ વધારો એક જ વિકલ્પ રહ્યો છે. જોકે, આગામી સમયમાં દિવાળીનો તહેવાર હોવાથી આમ જનતા ઉપર ભાવ વધારો ઝીંકાય તેવું લાગતું નથી. પણ એવું સ્પષ્ટ માનવામાં આવી રહ્યું છે કે, દિવાળીના તહેવારો બાદ દેશમાં પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો જોવા મળશે અને આ ભાવ વધારો પણ લિટર દીઠ રૂ. પાંચથી ઓછો નહીં હોય.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — **નરેશ / મુકેશ ઘીવાળા** ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૪ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૪.૫ | ૫૦/૩૬ '' | ૧૬૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૧૧.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૭ |
| ૬૮/૩૬ | ૧૭૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૭૨.૨૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૫.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૬૮.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨.૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૩.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૩૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૭.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૮ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

# LPG બોમ્બ! સિલિન્ડર દીઠ ખોટ 34% ઉછળી

**એક જ** મહિનામાં અંડર-રિકવરી રૂ. 245થી વધીને રૂ. 327 પહોંચી; વિદેશી ભાડું બમણું થતાં સરકારી તેલ કંપનીઓની સંચિત ખોટ રૂ. 62,000 કરોડને પાર

મુંબઈ, તા. 24: લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (LPG) પરની 'અંડર-રિકવરી' (ખર્ચ અને વેચાણ કિંમત વચ્ચેનો તફાવત) માસિક ધોરણે લગભગ 34 ટકા વધીને 14.2 કિલોના ઘરેલુ સિલિન્ડર દીઠ રૂ. 327 થઈ ગયો છે. સરકારી માલિકીની હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન (HPCL) ના ચેરમેન વિકાસ કૌશલે જણાવ્યું હતું કે, LPG પરની અંડર-રિકવરી ઓક્ટોબરમાં સિલિન્ડર દીઠ રૂ. 245 હતી, જે નવેમ્બર 2026માં વધીને સિલિન્ડર દીઠ રૂ. 327 થઈ ગઈ છે. નાણાકીય વર્ષ 2027ના બીજા ત્રિમાસિક ગાળામાં કંપનીની કુલ 'અંડર-રિકવરી' (ખર્ચ અને વેચાણ કિંમત વચ્ચેનો તફાવત) આશરે રૂ. 18,049 કરોડ હતી. આ રકમ ગ્રાહકોને પ્રવર્તમાન બજાર દરો કરતાં ઓછી કિંમતે એલપીજી (LPG) વેચવાને કારણે થઈ છે. 31 માર્ચ, 2026 અને 30 સપ્ટેમ્બર, 2025ના રોજ પૂરા થયેલા સમયગાળા દરમિયાન અંડર-રિકવરી અનુક્રમે આશરે રૂ. 12,798.67 કરોડ અને રૂ. 14,240.64 કરોડ હતી.

સમગ્ર ઉદ્યોગના સ્તરે જોઈએ તો, જૂન મહિનામાં પ્રતિ સિલિન્ડર અંડર-રિકવરી આશરે રૂ. 721 હતી, જે એક મહિના પછી ઘટીને આશરે રૂ. 500 પ્રતિ સિલિન્ડર થઈ ગઈ હતી. ઓગસ્ટ મહિનામાં પ્રતિ સિલિન્ડર અંડર-રિકવરી આશરે રૂ. 188 હતી, જે સપ્ટેમ્બરમાં વધીને આશરે રૂ. 210 પ્રતિ સિલિન્ડર થઈ હતી.

**જથ્થાબંધ ખાંડબજાર**
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૭૦૦ |
| એમ-૩૦ | ૫૬૦૦ |
| એસ-૩૦ | ૫૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |

**તેલ બજાર સુરત**
૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**સોના-ચાંદી સુરત**
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૫૫૮૦ |
| તેજાબી સોનું | ૧૪૫૪૯૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૮૩૦૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૪૨૬૭૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૫૫૮૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૦૦૮૦૦ |
| ચાંદી સિક્કા | ૨૦૨૩૦૦ |